સને ૨૦૧૫-૧૬ ના વર્ષના અંદાજપત્રમાંથી માહે ઓગસ્ટ-૨૦૧૫ થી સપ્ટેમ્બર-૨૦૧૫ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત......
માંગણી ક્રમાંક: ૯૬ (આદિજાતિ વિકાસ વિભાગ)
(આયોજન હેઠળ)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૫/૨૦૮/ખ-3
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૫-૦૯-૨૦૧૫

વંચાણે લીધા –

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૧-૦૭-૨૦૧૫ના ઓનલાઈન ઠરાવ ક્રમાંક:- બીયુડી/૧૦૨૦૧૫/સ્ટેટ/૯૩-૯૬-૭૧

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૦૮/૨૦૧૫ ના ઓનલાઇન ઠરાવ ક્રમાંક:- બીયુડી/૧૦૨૦૧૫/સ્ટેટ/૯૬-૭૫

યાદી : -

આમુખમાં ઉપર દર્શાવેલા આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ઓનલાઈન ઓર્ડરથી સને ૨૦૧૫-૧૬ના વર્ષના અંદાજપત્રમાંથી માહે ઓગસ્ટ-૨૦૧૫ થી સપ્ટેમ્બર-૨૦૧૫ સુધીના સમય માટે આદિવાસી વિસ્તારોમાં માંગણી નં.૯૬ હેડના રૂ.૧૫૬૬.૬૬ લાખ ફાળવેલ છે.જે પૈકી રૂ.૧૨૩૩.૩૩ લાખ માટે વંચાણે લીધા ક્રમાક (૨) થી ઠરાવ થતા વિભાગની ખ-3 શાખા ના તા.૧૭/૦૮/૨૦૧૫ના ઓર્ડર ક્રમાંક: બીયુડી/૧૦૨૦૧૫/૨૦૮/ખ-3 થી કમિશ્નર ઓફ ટ્રાયબલ ડેવલોપમેન્ટ ગાંધીનગર ને ફાળવણી કરવામાં આવી હતી.બાકી રહેતા રૂ.૩૩૩.૩૩ લાખની ગ્રાંટ ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજના માટે ૧૦% લોકફાળાની રકમ ભરવામાંથી મુકિત પેટે ખર્ચ કરવા વાસ્મો ફાળવવા ઉપસચિવશ્રી (પા.પુ) ને હવાલે મુકવામા આવે છે. પાણી પુરવઠા પ્રભાગને ફાળવેલ રૂા.૩૩૩.૩૩ લાખ (અંકે રૂપિયા ત્રણ કરોડ તેત્રીસ લાખ તેત્રીસ હજાર પુરા) ની ગ્રાન્ટ માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ (આયોજન હેઠળ) નીચે જણાવેલ વિગતવાર સદરોએ ખર્ચ કરવા વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)ને ફાળવણી કરવામાં આવે છે.

## વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)

( રૂપિયા લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | ઓગસ્ટ-૨૦૧૫ થી સપ્ટેમ્બર-૨૦૧૫ સુધી<br>આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | **માંગણી ક્રમાંક - ૯૬ (આયોજન હેઠળ)** | | |
| ૧ | મુખ્ય સદર - ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>પેટા સદર - ૦૮ આદિવાસી વિસ્તારોમાં ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠા યોજના માટે ૧૦% લોકફાળાની રકમ ભરવામાંથી મુકિત.<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ - ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૮<br>સ્કીમ કોડ - ૧૨૨૭૫૮ | 333.33 | ત્રણ કરોડ તેત્રીસ લાખ તેત્રીસ હજાર પુરા |
| | કુલ સરવાળો.... | 333.33 | |

શરતો :-

1. સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
2. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૫-૧૬ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.
3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ પાણી પુરવઠા વિભાગને કરવાના રહેશે.
4. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારી/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપસચિવશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
8. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ) ના તા ૨૧-૦૭-૨૦૧૫ ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. ખાસ ફરજ પરના અધિકારી , નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૩. નાણાંનિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૪. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન(વાસ્મો), ગાંધીનગર.
૫. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

<u>નકલ રવાના</u>

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
૫. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૬. નાયબ સેક્શન અધિકારી.
૭. પસંદગી ફાઈલ.